GJGS020010802010

દાખલ તારીખઃ-૧૩/૦૧/૨૦૧૦
રજીસ્ટર તારીખઃ-૧૩/૦૧/૨૦૧૦
ફેસલ તારીખઃ-૧૬/૦૭/૨૦૨૬
સમયગાળોઃ-**વર્ષ, માસ, દિવસ**
**૧૬-૦૬-૦૩**

---

**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ અદાલત, જી.ગીર સોમનાથ, મુ. વેરાવળ**

---

**ફોજદારી કેસ નં.૧૧૩૫/૨૦૧૦**
**આંક-૬૧૭**

---

## FORM-A

| **એફ. આઈ. આર. ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | પ્રભાસપાટણ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર II ૩૦૧૩/૨૦૧૦. |
| **ગુનો** | ગુજરાત ગૌણ ખનીજ નીયમ ૧૯૬૬ ના નીયમ ૫, ૪૨ ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધીનીયમ ૧૯૫૭ ની કલમ ૪(૧) એ, ૨૧ ગુજરાત ખનીજ વહન અને સંગ્રહ નીયમો ૨૦૦૫ ના નીયમ ૩, ૫, ૬, ૮, ૧૩ તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૧૦૫ મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત** | - |
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| **વિ. એ. પી. પી. શ્રી** | શ્રી જે.એસ.પરમાર |
| **આરોપીઓ** | **(૧) ગોવિંદભાઈ મેરાભાઈ વાજા,**<br>ઉ.વ.૬૦, રહે. નાવદ્રા ઉગમણી સીમ.<br>**(૨) નરસિંગભાઈ ચુડાસમા,** |

ઉ.વ.૩૫, રહે. ઈન્દ્રોય ગામની સીમ.

**(૩) લાખાભાઈ ગોવાભાઈ બારડ (એબેટ)**

**(૪) સરફરાજ મહમદભાઈ ચૌહાણ,**

ઉ.વ.૨૫, નાવદ્રા ઉગમણી સીમ.

**(૫) રમેશભાઈ સરમણભાઈ વાજા,**

ઉ.વ.૨૪, રહે. નાવદ્રા ઉગમણી સીમ.

**(૬) ભગવાનભાઈ ઉર્ફે ભીમાભાઈ કાનાભાઈ પટાટ,**

ઉ.વ.૪૫, રહે. ભંડુરી ગામની

કોકળવા સીમ,તા.માળીયા.

**(૭) લખમણભાઈ રામાભાઈ ડોડીયા (એબેટ)**

**(૮) જગમાલભાઈ ઉર્ફે જગુભાઈ રામાભાઈ ડોડીયા,**

ઉ.વ.૬૮, રહે. ઈન્દ્રોઈ સીમ.

**(૯) પ્રતાપભાઈ મેરગભાઈ પરમાર,**

ઉ.વ.૩૬, રહે. સવની ગામની સીમ.

**(૧૦) કાનજી રાજશીંગભાઈ ડોડીયા,**

ઉ.વ.૩૫, રહે. ઈન્દ્રોઈ ગામની સીમ.

**(૧૧) દિલીપભાઈ ભીમાભાઈ બારડ,**

ઉ.વ.૩૫, રહે. કાજલી.

**(૧૨) રામશીભાઈ કચરાભાઈ ખેર,**

ઉ.વ.૪૫, રહે. ઈશ્વરીયા.

**(૧૩) ગોપાલભાઈ અરજણભાઈ ગરેજા,**

ઉ.વ.૩૩, રહે. સુંદરપરા.

**(૧૪) દેવશીભાઈ જીવાભાઈ કામળીયા,**

ઉ.વ.૨૬, રહે. ઉપલાપાડા.

**(૧૫) જગમાલભાઈ ઉર્ફે જગાભાઈ હાદાભાઈ જોટવા,**

ઉ.વ.૨૭, રહે. આદ્રી.

**(૧૬) કાનાભાઈ પુંજાભાઈ ધ્રામણ, (એબેટ)**

**(૧૭) ભરતભાઈ રાજાભાઈ વાળા,**

| | |
|---|---|
| | ઉ.વ.૩૦, રહે. ઘુસીયા.<br>**(૧૮) કાનાભાઈ ઓઘડભાઈ મેર,**<br>ઉ.વ.૪૬, રહે. ઈન્દ્રોઈ.<br>**(૧૯) પ્રતાપભાઈ વરજાંગભાઈ જાદવ,**<br>ઉ.વ.૩૪, રહે. નાવદ્રા. |
| **આરોપીઓ તરફે** | **આરોપી નં.૧, ૪, ૫, ૯, ૧૧ તરફે વિ.વ.શ્રી એ.આઈ.સુમરા.**<br>**આરોપી નં.૨, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૮, ૧૯ તરફે વિ.વ.શ્રી એ.ડી.મેર.**<br>**આરોપી નં.૬, ૧૭ તરફે વિ.વ.શ્રી આર.એમ.રામ.**<br>**આરોપી નં.૮, ૧૦ તરફે વિ.વ.શ્રી એસ.એન.સવાણી.** |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૦૫/૦૩/૨૦૧૦ કલાક ૧૨.૧૫ |
| **ફરીયાદની તારીખ** | ૦૫/૦૩/૨૦૧૦ |
| **ચાર્જશીટની તારીખ** | ૩૦/૦૮/૨૦૧૦ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | – |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૧૭/૦૯/૨૦૨૪ |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | ૨૩/૦૬/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૦૨/૦૭/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો** | નિર્દોષ |

## –આરોપીની વિગત–

**આરોપીની વિગતઃ–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | છે. |
| ૦૧ | ગોવિંદભાઈ મેરાભાઈ વાજા | ૧૦/૦૩/૨૦૧૦ | જામીન મુકત | ગુજરાત ગૌણ ખનીજ નીયમ ૧૯૬૬ ના નીયમ ૫, ૭૨ ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધીનીયમ ૧૯૫૭ ની કલમ ૪(૧) એ, ૨૧ ગુજરાત ખનીજ વહન અને સંગ્રહ નીયમો ૨૦૦૫ ના નીયમ ૩, ૫, ૬, ૮, ૧૩ તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૧૦૫ | નિર્દોષ | – | – |
| ૦૨ | નરસિંગભાઈ ચુડાસમા | " | " | " | " | " | – |
| ૦૩ | સરફરાજ મહમદભાઈ ચૌહાણ | " | " | " | " | " | – |
| ૦૪ | રમેશભાઈ સરમણભાઈ વાજા | " | " | " | " | " | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૫ | ભગવાનભાઈ ઉર્ફે ભીમાભાઈ કાનાભાઈ પટાટ | ૧૪/૦૩/૨૦૧૦ | " | " | " | " | – |
| ૦૬ | જગમાલભાઈ ઉર્ફે જગુભાઈ રામાભાઈ ડોડીયા | ૧૪/૦૩/૨૦૧૦ | " | " | " | " | – |
| ૦૭ | પ્રતાપભાઈ મેરગભાઈ પરમાર | ૧૪/૦૩/૨૦૧૦ | " | " | " | " | – |
| ૦૮ | કાનજી રાજશીંગભાઈ ડોડીયા | ૧૯/૦૪/૨૦૧૦ | " | " | " | " | – |
| ૦૯ | દિલીપભાઈ ભીમાભાઈ બારડ | ૧૯/૦૪/૨૦૧૦ | " | " | " | " | – |
| ૧૦ | રામશીભાઈ કચરાભાઈ ખેર | ૧૯/૦૪/૨૦૧૦ | " | " | " | " | – |
| ૧૧ | ગોપાલભાઈ અરજણભાઈ ગરેજા | ૧૯/૦૪/૨૦૧૦ | " | " | " | " | – |
| ૧૨ | દેવશીભાઈ જીવાભાઈ કામળીયા | ૧૯/૦૪/૨૦૧૦ | " | " | " | " | – |
| ૧૩ | જગમાલભાઈ ઉર્ફે જગાભાઈ હાદાભાઈ જોટવા | ૨૦/૦૪/૨૦૧૦ | " | " | " | " | – |
| ૧૪ | ભરતભાઈ રાજાભાઈ વાળા | ૧૩/૦૮/૨૦૧૦ | " | " | " | " | – |
| ૧૫ | કાનાભાઈ ઓઘડભાઈ | ૧૫/૦૮/૨૦૧૦ | " | " | " | " | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | મેર | | | | | | |
| ૧૬ | પ્રતાપભાઈ વરજાંગભાઈ જાદવ | ૨૩/૦૮/૨૦૧૦ | " | " | " | " | – |

## FORM–C

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષે મૌખિક પુરાવા :–

| સાહેદ નં. | આંક | સાહેદનું નામ | ફરિયાદ પક્ષ મુજબ સાહેદ |
|---|---|---|---|
| ૧ | ૪૬૮ | જીતેન્દ્ર રામજીભાઈ પટેલ | ફરિયાદી |
| ૨ | ૪૭૭ | મેરગભાઈ દેવાભાઈ ઝાલા | સાહેદ |
| ૩ | ૪૭૮ | બાલુભાઈ રામાભાઈ કડીયા | સાહેદ |
| ૪ | ૫૦૬ | કનકસિંહ હેમંતસિંહ જાડેજા | તપાસ કરનાર અમલદાર |
| ૫ | ૫૨૦ | વનરાજસિંહ સતુભા સરવૈયા | તપાસ કરનાર અમલદાર |
| ૬ | ૫૩૬ | અશોકભાઈ ભીમજીભાઈ લાખાણ | સાહેદ |
| ૭ | ૫૪૬ | કાળાભાઈ રામાભાઈ ચુડાસમા | પંચસાહેદ |
| ૮ | ૫૮૬ | રોહિતભાઈ હરીભાઈ પટેલ | સાહેદ |
| ૯ | ૫૯૭ | મનોજભાઈ હરકાંતભાઈ દવે | સાહેદ |

### (બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો :–

| સાહેદ નંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો :–

| સાહેદ નંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

## ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૪૬૯ | ફરિયાદ. |
| ૨ | ૪૭૦ થી ૪૭૨ | પંચરોજકામ તથા નકશા. |
| ૩ | ૫૦૭ | તપાસનો હુકમ. |
| ૪ | ૫૨૨, ૫૨૩ | મિલ્કત જપ્ત કરવા બાબતે નિયમ–૬ મુજબ નિયમ–૧૭(૧) મુજબનું ફોર્મ તથા ચકરડી મશીનોનું વિગત દર્શાવતું પત્રક. |
| ૫ | ૫૨૪ | મુદ્દામાલ કબ્જે લેવા અંગેનું પંચનામું. |
| ૬ | ૫૨૫ | આરોપી અટક પંચનામું. |
| ૭ | ૫૨૬ | મુદ્દામાલ ઓળખ અંગેનું પંચનામું. |
| ૮ | ૫૨૭ | આરોપીનું શરીર સ્થિતિનું પંચનામું તથા મુદ્દામાલ ઓળખ અંગેનું પંચનામું. |
| ૯ | ૫૨૮ | આરોપી અટક પંચનામું. |
| ૧૦ | ૫૨૯ થી ૫૩૨ | તહોમતદાર અટક પંચનામું. |
| ૧૧ | ૫૪૩ | નકશો |
| ૧૨ | ૫૪૭ | રોજકામ સબંધે તૈયાર થયેલ નકશો. |
| ૧૩ | ૫૮૭ | રોજકામ. |
| ૧૪ | ૫૮૮ | ખોદકામ વાળો સર્વે નં.૧૧૬/૧/પૈકી ૧ ની ૭ × ૧૨ તથા ૮–અ ની નકલ. |

## બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| – | – | – |

## મુદ્દામાલની વિગત

| અ. નં. | મુદ્દામાલની વિગત |
|---|---|
| ૧. | ઉભી ચકરડી ડીસ વગરની જેમાં ભાગ–૧, ખાડો ૧/૧ લખેલ છે. ડીઝલ એન્જીન ફિલ્ડ માર્શલ માર્કાનું, પી.એમ.ડીઝલ લી. રાજકોટ બનાવટનું છે. પ્લેટમાં નં.KF 4145 લખેલ છે. |
| ૨. | આડી ચકરડી ડીસ વગરની જેમાં ભાગ–૧, ખાડો–૧/૨ લખેલ છે. ડીઝલ એન્જીન એક વ્હીલવાળું, સર્વોતમ રાજકોટ માર્કાનું છે. |
| ૩. | આડી ચકરડી ડીસ સાથેની જેમાં ભાગ–૧, ખાડો ૨A/૧/૧ લખેલ છે. ડીઝલ એન્જીન ફિલ્ડ માર્શલ માર્કાનું ગુજરાત ફોર્જીન્સ લી.રાજકોટ બનાવટનું છે. પ્લેટમાં નં.CAA 1282 લખેલ છે. |
| ૪. | ઉભી ચકરડી, ડીસ વગરની જેમાં ભાગ–૧, ખાડો ૨ B/૧/૧ લખેલ છે. ડીઝલ એન્જીન બે વ્હીલવાળું ટોપલેન્ડ પ્રા.લી. રાજકોટ બનાવટનું છે. પ્લેટમાં નં.110940862 લખેલ છે. |
| ૫. | આડી ચકરડી ડીસ વગરની જેમાં ભાગ–૧, ખાડો ૨ B/૧/૨ લખેલ છે. ડીઝલ એન્જીન ટોપલેન્ડ કંપની રાજકોટ બનાવટનું છે. જેની પ્લેટમાં નં.110937107 લખેલ છે. |
| ૬. | આડી ચકરડી, ડીસ સાથે છે. જેમાં ભાગ–૧, ખાડો ૩/૧ લખેલ છે. ડીઝલ એન્જીન એક વ્હીલવાળુ છે. |
| ૭. | ઉભી ચકરડી, ડીસ વગરની જેમાં ભાગ–૧, ખાડો–૩/૨ લખેલ છે. ડીઝલ એન્જીન ફિલ્ડ માર્શલ માર્કાનું, પી.એમ.ડીઝલ લી.રાજકોટ બનાવટનું છે. જેની પ્લેટમાં નં.321825 વંચાય છે. |
| ૮. | આડી ચકરડી, ડીસ વગરની છે. જેમાં ભાગ–૧, ખાડો ૪ A/૧ લખેલ છે. ડીઝલ એન્જીન સ્પીડવેલ માર્કાનું એક વ્હીલવાળું છે. |
| ૯. | ઉભી ચકરડી, ડીસ વગરની જેમાં ભાગ–૧, ખાડો ૪ B/૧ લખેલ છે. ડીઝલ એન્જીન મરકયુરી માર્કાનું, પટેલ એન્જી.કંપની લી. રાજકોટ બનાવટનું છે. |
| ૧૦. | આડી ચકરડી, ડીસ વગરની છે. જેમાં ભાગ–૧ ખાડો ૬/૧ લખેલ છે. ડીઝલ એન્જીન એક વ્હીલ વાળુ માર્કો વંચાતા નથી. |
| ૧૧. | આડી ચકરડી, ડીસ વગરની છે જેમાં ભાગ–૧, ખાડો ૬/૨ લખેલ |

| | |
|---|---|
| | છે. ડીઝન એન્જીન પી.એમ.ડીઝલ લી.રાજકોટ બનાવટનું છે. |
| ૧૨. | આડી ચકરડી, ડીસ વગરની છે જેમાં ભાગ–૧, ખાડો ૭/૧ લખેલ છે. ડીઝન એન્જીન એક વ્હીલવાળુ છે. |
| ૧૩. | ઉભી ચકરડી, ડીસ વગરની છે જેમાં ભાગ–૧, ખાડો ૭/૨ લખેલ છે. ડીઝન એન્જીન ફિલ્ડમાર્શલ માર્કાનું પી.એમ.ડીઝલ લી.રાજકોટ બનાવટનું છે. |
| ૧૪. | ઉભી ચકરડી, ડીસ વગરની છે જેમાં ભાગ–૧, ખાડો ૮/૧ લખેલ છે. ડીઝન એન્જીન બે વ્હીલવાળુ છે. |
| ૧૫. | આડી ચકરડી, ડીસ વગરની છે જેમાં ભાગ–૧, ખાડો ૮/૨ લખેલ છે. ડીઝન એન્જીન ડાયમંડ કંપની રાજકોટ બનાવટનું છે. એન્જીનમાં ઉપરનો હેડ નથી. |
| ૧૬. | ઉભી ચકરડી, ડીસ વગરની છે જેમાં ભાગ–૧, ખાડો ૮/૩ લખેલ છે. ડીઝન એન્જીન બે વ્હીલવાળું છે. |
| ૧૭. | આડી ચકરડી, ડીસ વગરની છે જેમાં કલરથી ભાગ–૧, ખાડો ૯/૧ લખેલ છે. ડીઝન એન્જીન ફિલ્ડમાર્શલ માર્કાનું, અજીત એન્જીન વર્કસ લી.–રાજકોટ બનાવટનું છે. |
| ૧૮. | ઉભી ચકરડી, ડીસ વગરની છે જેમાં ભાગ–૧, ખાડો ૯/૨ લખેલ છે. ડીઝન એન્જીન ફિલ્ડમાર્શલ માર્કાનું અજીત એન્જી. વર્કસ રાજકોટ બનાવટનું છે. |
| ૧૯. | આડી ચકરડી, ડીસ સાથે છે જેમાં ભાગ–૨, ખાડો ૧/૧ લખેલ છે. ડીઝન એન્જીન એક વ્હીલવાળું ફિલ્ડમાર્શલ માર્કાનું છે. |
| ૨૦. | ઉભી ચકરડી, બે ડીસ સાથે છે જેમાં ભાગ–૨, ખાડો ૧/૨ કલરથી લખેલ છે. ડીઝન એન્જીન ગ્લોબ એન્જીન કંપની–રાજકોટ બનાવટની છે. |
| ૨૧. | ઉભી ચકરડી બે ડીસ સાથે છે. જેમાં કલરથી ભાગ–૨, ખાડો ૧/૩ લખેલ છે. ડીઝલ એન્જીન ફિલ્ડમાર્શલ માર્કાનું, પી.એમ.ડીઝલ લી.રાજકોટ બનાવટનું છે. પ્લેટમાં નં.HJ–183860 લખેલ છે. |
| ૨૨. | ઉભી ચકરડી, ડીસ વગરની છે. જેમાં ભાગ–૨, ખાડો ૨/૧ લખેલ છે. ડીઝલ એન્જીન બાજુમાં છૂટુ પડેલ છે જે કે.રસિકલાલ એન્ડ |

| | |
|---|---|
| | કંપની રાજકોટ બનાવટનું છે. |
| ૨૩. | આડી ચકરડી ડીસ સાથે છે જેમાં ભાગ–૨, ખાડો ૨/૨ લખેલ છે. ડીઝલ એન્જીન બે વ્હીલવાળુ ફિલ્ડમાર્શલ માર્કાનું છે. |
| ૨૪. | ઉભી ચકરડી ડીસ વગરની છે. જેમાં ભાગ–૨, ખાડો ૨/૩ લખેલ છે. ડીઝલ એન્જીન નીડર માર્કાનું–મથુરાદાસ એન્ડ કંપની જૂનાગઢ બનાવટનું છે. |
| ૨૫. | આડી ચકરડી ડીસ વગરની છે. જેમાં ભાગ–૨, ખાડો ૩/૧ લખેલ છે. ડીઝલ એન્જીન એક વ્હીલ વાળુ છે. |
| ૨૬. | આડી ચકરડી ડીસ વગરની છે. જેમાં ભાગ–૨ ખાડો ૩/૨ લખેલ છે. ચકરડી ઉપરનું ડીઝલ એન્જીન ફિલ્ડમાર્શલ માર્કાનું પી.એમ.ડીઝલ લી.–રાજકોટ બનાવટનું છે. પ્લેટમાં નં.–DR 453162 લખેલ છે. |
| ૨૭. | ઉભી ચકરડી બે ડીસ વાલી છે. જેના ઉપર ભાગ–૨ ખાડો ૩/૩ લખેલ છે. ડીઝલ એન્જીન ફિલ્ડમાર્શલ માર્કાનું પી.એમ.ડીઝલ લી.રાજકોટ બનાવટનું છે. |
| ૨૮. | આડી ચકરડી ડીસ સાથે છે. જેમાં ભાગ–૨, ખાડો ૩/૪ લખેલ છે. ડીઝલ એન્જીન એક વ્હીલવાળું છે. |
| ૨૯. | ઉભી ચકરડી ડીસ વગરની છે, જેમાં ભાગ–૨ ખાડો ૪/૧ લખેલ છે. ડીઝલ એન્જીન ફિલ્ડમાર્શલ માર્કાનું પી.એમ.ડીઝલ લી. રાજકોટ બનાવટનું છે. |
| ૩૦. | આડી ચકરડી, ડીસ સાથે છે. જેમાં ભાગ–૨ ખાડો–૪/૨ લખેલ છે. |
| ૩૧. | ઉભી ચકરડી ડીસ વગરની છે, જેનાં ઉપર પ્રતાપ મેરગ લખેલ છે. ચકરડી ઉપરનું ડીઝલ એન્જીન ફિલ્ડમાર્શલ માર્કાનું પી.એમ.ડીઝલ લી.રાજકોટ બનાવટનું છે. પ્લેટમાં નં.JM 295956 લખેલ છે. |
| ૩૨ | આડી ચકરડી ડીસ સાથે છે. જેમાં પ્રતાપ મેરગ લખેલ છે. ડીઝલ એન્જીન વિકટરી માર્કાનું એ.કે.ડીઝલ લી. રાજકોટ બનાવટનું છે. |

**<u>–:: ચુ કા દો ::–</u>**

(૧) ફરિયાદ મુજબ સંક્ષિપ્તમાં ગુનો એવો છે કે, આરોપીઓ નંબર ૧, ૨, ૭, ૮, ૯ તથા ૧૮ નાઓએ ઈન્દ્રોઈ ગામના રેવન્યુ સર્વે નંબર–૧૧૬/૧/પૈકી–૧ ની ગૌચરની જમીન ઉપર ગેરકાયદેસર કબજો કરી, આ જમીનમાંથી ગેર કાયદેસર રીતે લાઈમ સ્ટોન કાઢવા માટે બાકીના આરોપીઓને કમીશનથી આ જમીન આપતા, આરોપીઓએ આ જમીનમાંથી તા.૦૩/૦૩/૨૦૧૦ કલાક ૧૫/૦૦ પહેલા કોઈ સમયે ડીઝલ એન્જીનવાળી ચકરડીઓ–૩૨ વડે ખોદકામ કરી, કુલ ૧૪૬૪૬ મેટ્રીક ટન લાઈમ સ્ટોન કિંમત રૂ.૩,૫૧,૫૦,૪૦૯/– નો ખોદી, ખસેડી, સગેવગે કરી ગુજરાત ગૌણ ખનીજ નીયમ ૧૯૬૬ ના નીયમ ૫, ૪૨ ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધીનીયમ ૧૯૫૭ ની કલમ ૪(૧) એ, ૨૧ ગુજરાત ખનીજ વહન અને સંગ્રહ નીયમો ૨૦૦૫ ના નીયમ ૩, ૫, ૬, ૮, ૧૩ તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ–૧૦૫ મુજબનો ગુન્હો પ્રભાસપાટણ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર II ૩૦૧૩/૨૦૧૦ થી નોંધવામાં આવેલ છે.

(૨) આરોપીઓને સમન્સ કાઢતાં, તેઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓનું આંક–૨૨૫ થી ૨૪૨ સુધી નિવેદન નોંધતા તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>આરોપીઓનું વિશેષ નિવેદન–ફર્ધર સ્ટેટમેન્ટ (સી.આર.પી.સી.કલમ–૩૧૩):</u>–**

(૩) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો હોય આરોપીઓનું નિવેદન નોંધવામાં આવેલ અને તેમાં ફરિયાદ

પક્ષનો પુરાવો તેઓની રૂબરૂમાં લેવામાં આવેલ હોવાનું જણાવી અને તે સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે અગર તો જાણતા નથી તેમ જણાવેલ છે. અને વિશેષમાં જણાવેલ છે કે, ''કહેવાતો આવા પ્રકારનો ગુનો અમોએ કરેલ નથી અમો નિર્દોષ છીએ અમોને નિર્દોષ છોડી મુકવા અરજ છે."

**<u>ફરિયાદપક્ષે દલીલ સંક્ષિપ્તમાંઃ–</u>**

(૪) એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરિયાદીએ આરોપીઓના નામ ફરિયાદમાં જણાવેલ છે. અન્ય સરકારી સાહેદોએ ફરિયાદની હકીકતને સમર્થન આપેલ છે. બનાવવાળા સ્થળે પંચનામા ફરજના ભાગરૂપે સરકારી અધિકારીઓએ તૈયાર કરેલ છે. તપાસ કરનાર અધિકારીએ પોતાના પુરાવામાં ફરિયાદ તથા તપાસને સુસંગત હકીકત જણાવી સચોટ પુરાવા રજુ કરેલ છે. તેથી કેસ સાબીત થતો હોય આરોપીઓને યોગ્ય સજા કરવા વિનંતી કરી છે.

**<u>આરોપીપક્ષે દલીલ સંક્ષિપ્તમાંઃ–</u>**

(૫) આરોપી પક્ષે દલીલ કરી છે કે, આરોપીઓ બનાવમાં સંડોવાયેલ છે તેવો કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવો રજુ નથી. માત્ર આઈ.ઓ.એ આરોપીઓએ ચકરડી ઓળખી બતાવેલી તેવી હકીકત જણાવવાથી કેસ સાબીત થઈ શકે નહી ખાસ કરીને જયારે ચકરડી ફરિયાદીએ કેવી રીતે કબ્જે કરી તેનો કોઈ પુરાવો નહી હોય અને આઈ.ઓ. એ કબ્જે બતાવેલ તે અંગે સ્વતંત્ર પંચોના પુરાવા નહી હોય. ઉપરાંત ચોરી ખનીજની જ થયેલી તે હકીકત અંગે તથા કેટલી ચોરી થયેલી તે હકીકત અંગે પણ કોઈ પુરાવા રજુ કરેલ નહી હોય માત્ર કામગીરી દેખાડવા ખોટા કેસ કરેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરી છે.

(૬) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

- **મુદ્દા નં. ૧**–શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આરોપીઓ નંબર ૧, ૨, ૭, ૮, ૯ તથા ૧૮ નાઓએ ઈન્દ્રોઈ ગામના રેવન્યુ સર્વે નંબર–૧૧૬/૧/પૈકી–૧ ની ગૌચરની જમીન ઉપર ગેરકાયદેસર કબજો કરી, આ જમીનમાંથી ગેર કાયદેસર રીતે લાઈમ સ્ટોન કાઢવા માટે બાકીના આરોપીઓને કમીશનથી આ જમીન આપતા, આરોપીઓએ આ જમીનમાંથી તા.૦૩/૦૩/૨૦૧૦ કલાક ૧૫/૦૦ પહેલા કોઈ સમયે ડીઝલ એન્જીનવાળી ચકરડીઓ–૩૨ વડે ખોદકામ કરી, કુલ ૧૪૬૪૬ મેટ્રીક ટન લાઈમ સ્ટોન કિંમત રૂ.૩,૫૧,૫૦,૪૦૯/– નો ખોદી, ખસેડી, સગેવગે કરી, ગુજરાત ગૌણ ખનીજ નીયમ ૧૯૬૬ ના નીયમ ૫, ૪૨ ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધીનીયમ ૧૯૫૭ ની કલમ ૪(૧) એ, ૨૧ ગુજરાત ખનીજ વહન અને સંગ્રહ નીયમો ૨૦૦૫ ના નીયમ ૩, ૫, ૬, ૮, ૧૩ તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ–૧૦૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?
- **મુદ્દા નં. ૨**–શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

- મુદ્દા નં. ૧ **નકારમાં**
- મુદ્દા નં. ૨ **આખરી હુકમ મુજબ.**

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નંબર–૧</u>**

**<u>ચોરી થયેલી, કેટલી માત્રામાં થયેલી.</u>**

(૮) આ કેસના ફરિયાદી જે.આર.પટેલ તે રોયલ્ટી ઈન્સ્પેકટર તરીકેની પોતાની ફરજમાં આ કેસ વાળા સ્થળે ચેકીંગમાં ગયેલા અને ત્યાં સરકારી જમીનમાં નવ ખાડાઓ જોવા મળેલા. અને તે જમીન સરકારી જમીન હતી તેની ખરાઈ તલાટી કમ મંત્રીએ તે વખતે રજુ

રાખેલ ગામતળના નકશા આધારે કરેલ. તે જમીનના સર્વે નંબર–૧૧૬/૧/પૈકી ૧ હતા. તેમાં જુદા–જુદા માપ સાઈઝના કુલ નવ ખાડાઓ ગાળેલા હતા. ત્યાં સ્થળ પર ચકરડી મશીન હતા. તેણે પોતે તથા સાથીઓએ પંચોની હાજરીમાં આ ખાડાઓના, ચકરડીઓ કબજે લીધી તેના પંચનામાઓ કરેલા તેવી હકીકત પોતાના આંક–૪૬૮ વાળા મૌખિક પુરાવામાં જણાવેલી છે. ઉલટતપાસમાં તેઓને સ્થળ ઉપર કેવી રીતે આવેલા, કોની અરજી મળેલી, ચર્તુદિશા, આજુબાજુની જગ્યાઓને લગતા સવાલો પુછી રેડમાં ગયા જ નથી, તેથી આવા સાહેદોના નિવેદન રજુ નથી, લીઝ વાળી જમીનના તથા કહેવાતી ચોરી વાળી જમીનના ખોટા માપ સાઈઝ દર્શાવેલા છે તેવા બચાવ લેવામાં આવેલ છે. આ સાહેદ પોતાની ફરજના ભાગરૂપે ત્યાં સ્થળ ઉપર ગયેલ અને જે જગ્યાએ ખાડાઓ તથા ચકરડીના મશીનો હતા તે જગ્યા સરકારી ગૌચરની હતી તેની ખાત્રી તલાટી મંત્રી દ્વારા રજુ નકશા દ્વારા કરેલી તેવી હકીકત પોતાના પુરાવામાં સ્પષ્ટ જણાવી છે. આ હકીકતમાં શંકા કરવા માટે કોઈ કારણ નથી. હા, આવો ગામતળનો નકશો રજૂ નથી પરંતુ વિવાદીત જમીન સરકારી હતી તે અંગેનો પુરાવો વધુ મજબૂત સાહેદ અશોકભાઈના (આંક–૫૩૬) મૌખિક પુરાવામાંથી થાય છે તેઓ સર્કલ ઓફીસર તરીકે ત્યાં બનાવ વાળા સ્થળે અને દિવસે હાજર રહેલા અને ફરિયાદી જે.આર.પટેલ તથા ખાતાના અન્ય અધિકારીઓએ પોતાની હાજરીમાં આંક–૪૭૦ થી ૪૭૨ વાળા દસ્તાવેજો તૈયાર કરેલા તે હકીકતને સ્પષ્ટ સમર્થન આપેલ છે. આંક–૪૭૦ થી ૪૭૨ તે ત્રણ પંચરોજકામ છે કે જેમાં પંચો, ખાતાના અધિકારીઓની સહી છે અને તેની સાથે નકશા દોરેલા છે તેમાં પણ સહી છે અને તે પંચનામાની વિગત મુજબ તમામ પંચનામા ત્યાં સ્થળ ઉપર બનાવના દિવસે જ તૈયાર કરવામાં આવેલા છે તે જ છે તેવી તેમાં સ્પષ્ટતા કરેલી છે.

આમ ફરિયાદીના મૌખિક પુરાવાની એ હકીકત કે સરકારી ખરાબાની જમીનમાં ખાડાઓ કરી ચકરડી જેવા મશીનથી ચોરી

થયેલી તે હકીકત વિશ્વાસપાત્ર છે અને તેના પર આધાર રાખી શકાય તેમ છે. તેવી જ રીતે સાહેદ અશોકભાઈનો મૌખિક પુરાવો પણ ફરિયાદીની આવી કુદરતી હકીકતોને સમર્થન આપતો હોય અને તેઓનો મૌખિક પુરાવો પણ કુદરતી, ભરોસાપાત્ર, ફરિયાદને સુસંગત જણાતો હોય વિશ્વાસપાત્ર છે. આંક–૪૭૦ થી ૪૭૨ વાળા દસ્તાવેજ કે જે બનાવવાળી રેડ વખતે તૈયાર કરવામાં આવેલા તે હકીકત ફરિયાદી અને સાહેદ અશોકભાઈ પોતાના પુરાવામાં સ્પષ્ટ જણાવતા હોય અને ઉલટતપાસમાં તેમાં શંકા થાય તેવી કોઈપણ હકીકત બહાર આવેલ નહી હોય આ ત્રણેય દસ્તાવેજો આધારે તે રેડ વખતે તૈયાર કરવામાં આવેલા તે હકીકત સ્પષ્ટ પુરવાર થાય છે. ઉપરાંત આ બનાવવાળી જગ્યા સરકારી ગૌચર હતી તે અંગે આંક–૫૮૮ થી તે અંગે સાહેદ રોહિતભાઈએ (આંક–૫૮૬) વાળા પોતાના મૌખિક પુરાવામાં સ્પષ્ટ જાહેર કરી છે અને તેઓની ઉલટતપાસમાં પણ બનાવવાળી જગ્યા સરકારી હતી નહી તે અંગેના પ્રશ્નો કરવા છતા કોઈ શંકાસ્પદ હકીકત બહાર આવેલ નથી.

આ તમામ હકીકતો અને પુરાવા પરથી બનાવવાળા સ્થળ ઈન્દ્રોઈ ગામે સર્વે નંબર ૧૧૬/૧ પૈકી ૧ વાળી જમીનમાં ખાડાઓ હતા અને મશીનની ચકરડીઓ હતી તેમાં કોઈ શંકા રહેતી નથી.

પરંતુ ખરેખર ત્યાં ચોરી થયેલી અને તે ચોરી મિનરલની થયેલી તે હકીકત અંગે પ્રથમથી ફરિયાદપક્ષે કોઈ કથન નથી કે પુરાવા નથી.

રેડ વખતે ખાડા હતા તે પહેલા હતા નહી અને ત્યાંથી જે સબ્જેકટની ચોરી થઈ તે સબ્જેકટ મિનરલ હતો તેવા અનુમાનો અદાલત કરી શકે નહી. તેનો સીધો અર્થ એવો થાય છે કે રેડ પહેલા કયારે ખાડા હતા નહી અથવા ખાડા કયારે થયેલા તે અંગે ફરિયાદમાં કોઈ આક્ષેપ નથી કે કોઈ તપાસ થયેલ નથી. ઉપરાંત ચોરી થયેલ

સબ્જેકટ મિનરલ જ હતો અને કેવી રીતે હતો તેવું કોઈ કથન ફરિયાદમાં નથી કે સમગ્ર તપાસ દરમ્યાન સ્પષ્ટ થયેલ નથી. તેથી ચોરી થયેલ સબ્જેકટ મિનરલમાં સમાવેશ થાય કે નહી તે હકીકત અદાલત નકકી કરી શકે નહી અને તે એકમાત્ર કારણથી પણ ફરિયાદપક્ષનો કેસ ટકી શકે નહી.

**<u>આરોપીઓનો રોલ</u>**

(૯) ફરિયાદી જીતેન્દ્રભાઈ, સાહેદ અશોકભાઈ, સાહેદ રોહિતભાઈના પુરાવા તથા ફરિયાદપક્ષના કેસ મુજબ કોઈપણ આરોપીઓ સ્થળ પર હાજર હતા નહી.

ચોરી આ કેસવાળા આરોપીઓએ કરેલી તે માટે પુરાવા તરીકે માત્ર તપાસ કરનાર અધિકારી વી.એસ.સરવૈયા (આંક–પ૨૦) ના પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો નથી. આ શ્રી વી.એસ.સરવૈયાએ આરોપીઓએ પંચો રૂબરૂ પોતાની મશીનની ચકરડીઓ કે જે રેડ વાળી જગ્યાએથી ફરિયાદીને મળી આવેલ તે ઓળખી બતાવેલ અને તેના પંચનામા કરેલા તેવો પુરાવો છે. તે પંચનામાના પંચોનો પુરાવો રજુ નથી. માત્ર તપાસ કરનાર અધિકારીએ પોતાના રૂબરૂ આરોપીઓએ મશીન ઓળખી બતાવેલા હોય તે પુરાવા પર આધાર રાખી શકાય નહી. ખાસ કરીને જયારે આ મશીન–ચકરડી કે તેના સાધન સામગ્રી કોણે ખરીદ કરેલા, કયાંથી ખરીદ કરેલા તેવી કોઈ તપાસ થઈ નહી હોય ત્યારે. ઉપરાંત આ મશીન રેડ વાળા સ્થળેથી કબ્જે લીધા હોય તેવી કોઈ વિગત આંક–૪૭૦ થી ૪૭૨ વાળા કોઈ પંચનામામાં જણાવેલ નથી. જયારે તપાસ કરનાર શ્રી સરવૈયાએ આ મશીન ફરિયાદી જે.આર.પટેલ પાસેથી કબ્જે લીધેલ તેવું પંચનામું રજુ કરેલ છે. આમ, મશીન જે.આર.પટેલે સ્થળ પરથી કબ્જે લીધા હોય તેવો કોઈ સ્પષ્ટ પુરાવો નથી. તેથી આ મશીનની કસ્ટડી જે.આર.પટેલ પાસે અને ત્યાંથી આઈ.ઓ. પાસે આવી હોય તે

સાંકળ તુટી જાય છે અને તેનો પુરાવો એકદમ પાતળો અને સંપુર્ણપણે ભરોસાપાત્ર નથી. આંક–૪૭૦ થી ૪૭૨ માં પંચો આરોપીના નામ જણાવે છે પરંતુ તેઓ "જાણવા મળેલ" તેવા શબ્દોના આધારે જણાવે છે. એટલે કે તેઓએ આરોપીઓને જોયેલા નથી પરંતુ કોઈ પાસેથી સાંભળીને માહીતી મેળવી છે. અને આવી માહીતી કયારે અને કોની પાસેથી મેળવી છે તે મુખ્ય સ્ત્રોતની હકીકત જાહેર નહી કરતા હોય પંચનામાની આરોપીઓની ઓળખ છતી કરતી હકીકત રીલાયેબલ પુરાવો કહેવાય નહી.

આમ, ફરિયાદપક્ષ મહત્વની અને પાયાની હકીકત કહી શકાય તેવી ચોરી આ કામના આરોપીઓએ કરેલી, ચોરી આરોપીઓએ કબ્જે થયેલા મશીનથી કરેલી, ચોરી મિનરલની થયેલી તે તમામ સાંયોગીક પુરાવાની હકીકત વિશ્વાસપાત્ર અને આધારભૂત પુરાવાથી પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર–૨ અંગે નીચે મુજબનો આખરી આદેશ પસાર કરવામાં આવે છે.

**–:: આખરી આદેશ::–**

(૧) આ કામના આરોપી નંબર **(૧) ગોવિંદભાઈ મેરાભાઈ વાજા,** રહે. નાવદ્રા ઉગમણી સીમ, **(૨) નરસિંગભાઈ ચુડાસમા,** રહે. ઈન્દ્રોય ગામની સીમ, **(૪) સરફરાજ મહમદભાઈ ચૌહાણ,** નાવદ્રા ઉગમણી સીમ, **(૫) રમેશભાઈ સરમણભાઈ વાજા,** રહે. નાવદ્રા ઉગમણી સીમ, **(૬) ભગવાનભાઈ ઉર્ફે ભીમાભાઈ કાનાભાઈ પટાટ,** રહે. ભંડુરી ગામની કોકળવા સીમ,તા.માળીયા, **(૮) જગમાલભાઈ ઉર્ફે જગુભાઈ રામાભાઈ ડોડીયા,** રહે. ઈન્દ્રોઈ સીમ, **(૯) પ્રતાપભાઈ મેરગભાઈ પરમાર,** રહે. સવની ગામની સીમ, **(૧૦) કાનજી રાજશીંગભાઈ ડોડીયા,**

રહે. ઈન્દ્રોઈ ગામની સીમ, **(૧૧) દિલીપભાઈ ભીમાભાઈ બારડ,** રહે. કાજલી, **(૧૨) રામશીભાઈ કચરાભાઈ ખેર,** રહે. ઈશ્વરીયા, **(૧૩) ગોપાલભાઈ અરજણભાઈ ગરેજા,** રહે.સુંદરપરા,**(૧૪) દેવશીભાઈ જીવાભાઈ કામળીયા,** રહે.ઉપલાપાડા, **(૧૫) જગમાલભાઈ ઉર્ફે જગાભાઈ હાદાભાઈ જોટવા,** રહે. આદ્રી, **(૧૭) ભરતભાઈ રાજાભાઈ વાળા,** રહે. ઘુસીયા, **(૧૮) કાનાભાઈ ઓઘડભાઈ મેર,** રહે. ઈન્દ્રોઈ, **(૧૯) પ્રતાપભાઈ વરજાંગભાઈ જાદવ,** રહે. નાવદ્રાવાળાને ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) હેઠળ ગુજરાત ગૌણ ખનીજ નીયમ ૧૯૬૬ ના નીચમ ૫, ૪૨ ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધીનીયમ ૧૯૫૭ ની કલમ ૪(૧) એ, ૨૧ ગુજરાત ખનીજ વહન અને સંગ્રહ નીચમો ૨૦૦૫ ના નીચમ ૩, ૫, ૬, ૮, ૧૩ તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ–૧૦૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવો તથા કિંમતી મુદ્દામાલનો અગાઉ હુકમ થયેલ હોય તો તે કાયમ કરવો અન્યથા અપીલ સમય બાદ માલીકીની ખરાઈ કરી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓના જાત મુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને

ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ પ્રત્યેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/– ના આગામી છ મહિનાના સમય માટેના નવા જામીન તથા જાત મુચરકા રજૂ કરવા.

હુકમ આજ તારીખ ૧૬મી, જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૬ / ૦૭ /૨૦૨૬
વેરાવળ.

**(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા)**
ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, વેરાવળ.
ગીર સોમનાથ
યુઆઈડી નંબરઃ (GJ01119)

Nikhila, P.A. (Guj.Steno.)